સત્यमेव जयते

કેસ દાખલ તારીખ : ૧૩/૦૧/૨૦૨૬
રજી.થયા તારીખ : ૧૩/૦૧/૨૦૨૬
ફેસલ કર્યા તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
સમય ગાળો : વર્ષ:૦૦ માસ:૦૫ દિવસ:૦૭

**જસદણના મહે. એડી. ચીફ. જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. જસદણ.**

**ક્રિ.કે.નંબરઃ૬૭/૨૦૨૬**
**આંકઃ....**

ફરીયાદીઃ- શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી:- (૧)પરબતભાઈ વજુભાઈ ડગરા.
રહેવાસી:- જસદણ, ગંગાભુવન, ભુતડાદાદાના મંદિર પાસે,
તા.-જસદણ, જી.-રાજકોટ.
આરોપી:- (૨)મિતુલભાઈ શીવાભાઈ મોરવાડીયા.
રહેવાસી:- જસદણ, આદમજી રોડ, ખુશી મોલની પાસે,
તા.-જસદણ, જી.-રાજકોટ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.ચૌધરી
આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી એન.પી.કટેશીયા

---

ગુનોઃપ્રોહીબિશન એક્ટની કલમ-૬૫(એએ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબ.

---

# – ચુ કા દો –

**૧.** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે પાસ–પરમીટ કે આધાર વગર આરોપી નં.(૧) પરબતભાઈ વજુભાઈ ડગરાએ આ કામના આરોપી નં.(૨) મિતુલભાઈ શીવાભાઈ મોરવાડીયા પાસેથી ભારતીય બનાવટનું ઈંગ્લીશ દારૂનું ચપલુ (નાની બોટલ) લીધેલ હોય અને આરોપી નં.(૧) પાસે રહેલ ભારતીય બનાવટનું ઈંગ્લીશ દારૂનું ચપલુ (નાની બોટલ) નંગ–૦૧, કિં. રૂા. ૧૦૦/–નો મુદ્દામાલ સાથે રાખી મળી આવતા આરોપી વિરુદ્ધ ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ–૬૫(એએ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબનો ગુનો કરતા પકડાઈ ગયેલ હોવા બાબતના ગુનાની ફરિયાદના આધારે તપાસનીશ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા, પંચનામા કરેલ તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૨.** આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાતરી થયા બાદ આંક–૦૬ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. જ્યારે આંક–૦૭ અને ૦૮ થી આરોપીની ગુના સબબે પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરિયાદી પો.સા. બકુલભાઈ કાનજીભાઈ વાસાણીની જુબાની | ૧૧ |
| ૨ | પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરની જુબાની | ૧૪ |

| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરિયાદ | ૧૨ |
| ૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૫ |

**૪.** ફરીયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી. આરોપીનું વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## **-: મુદ્દા :-**

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે પાસ-પરમીટ કે આધાર વગર આરોપી નં.(૧) પરબતભાઈ વજુભાઈ ડગરાએ આ કામના આરોપી નં.(૨) મિતુલભાઈ શીવાભાઈ મોરવાડીયા

પાસેથી ભારતીય બનાવટનું ઈંગ્લીશ દારૂનું ચપલુ (નાની બોટલ) લીધેલ હોય અને આરોપી નં.(૧) પાસે રહેલ ભારતીય બનાવટનું ઈંગ્લીશ દારૂનું ચપલુ (નાની બોટલ) નંગ–૦૧, કિં. રૂા. ૧૦૦/–નો મુદ્દામાલ સાથે રાખી મળી આવતા આરોપી વિરુદ્ધ ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ–૬૫(એએ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

# **–: ન્યાય નિર્ણય માટેનાં કારણો :–**

મુદ્દા નંબરઃ–૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટની કલમ–૬૫(એએ), ૧૧૬(બી) તથા ૮૧ મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસનાં ન્યાય–નિર્ણય ઉપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૧ થી ફરીયાદી બકુલભાઈ કાનજીભાઈ વાસાણીનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, "તારીખ–૧૩/૧૦/૨૦૨૫ ના રોજ હું જસદણ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે અમો તથા પો.કોન્સ. અનીલભાઇ રમેશભાઇ સરવૈયા તથા પો.કોન્સ મહેન્દ્રભાઈ ભાણાભાઈ શઠોડ એમ બધા આપશ્રી સાથે જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ક.૧૮/૩૦ વાગી જસદણ, સમાત રોડ, જયતા બાપુની જગ્યા પાસે આવતા એક ઈસમ શંકાસ્પદ હાલતમાં લાગતા તેની પાસે જઈ ઉભો રખાવી ચેક કરતા તેના પેટના ખીસા માંથી એક કાળી પ્લા.ની થેલી મેક કરતા ભારતીય બનાવટની પરપ્રાતીય ઇંગ્લિશ દારૂના પ્લા. ચપલા(નાની બોટલ) જોવામાં આવતા આપે તુરંત જ બે રાહદારી પંચોને પંથમાં બોલાવી પંચોને હકિકતથી વાકેફ કરી પંચો રૂબરૂ મજકુર ઈસમનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ–પરબતભાઇ વજુભાઈ ડગરા, જાતે–અનુ.જાતી, ઉ.વ.૩૧ ધંધો–નોકરી, રહે,જસદણ, ગંગાભુવન,ભુતડાદાદા ના મંદિર પાસે, તા. જસદણ, જી.રાજકોટ, મો.નં.૮૭૮૦૦૮૬ X63 વાળાને કોઈ પાસ–પરમીટ કે આધાર હોય તો રજુ કરવા કહેતા પોતાની પારસે નહી હોવાનું જણાવતા હોય અને મજકુર ઈસમ પાસે રહેલ ભારતીય બનાવટની ઈંગ્લીસ દારૂના પ્લા. ચપલા(નાની બોટલ) નંગ–૦૧ મળી આવેલ. જે બોટલો ઉપર જોતા DISCOUNT PREMIUM WHISKY BLENDED WITH MATURED MALTS & FINEST GRAIN SPIRITS 42.8% v/v 75' Poof 25 UP લખેલ ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂના પ્લા. ચપલા (નાની બોટલ) ૧૮૦ મી.લી.ની કંપની શીલ પેક બોટલ નંગ–૦૧ હોય જે પ્લા. થેપલા (નાની બોટલ)માંથી નંગ–૧ FSL તપાસણી અર્થે કિ.રૂા.૧૦૦/– ગણી પો.ઈન્સ. જસદણ પોલીસ સ્ટેશનના હોદાનું શીલ કરી કબ્જે કરેલ છે. આમ મજકુર આરોપી નં.(૧) પરબતભાઇ વજુભાઈ ડગરા, જાતે–અનુ જાતી, ઉ.વ.૩૧ ધંધો–નોકરી,

રહે.જસદણ, ગંગાભુવન,ભુતડાદાદા ના મંદીર પાસે, તા. જસદણ, જી.રાજકોટ, મો.નં.૮૭૮૦૦૮૬૪૯૩ વાળાએ આ કામના આરોપી નં.(૨) મિતુલભાઇ શીવાભાઈ મોરવાડીયા રહે. જસદણ મો.નં-૯૧૦૪૭ ૬૦૬૭૫ વાળાને (અટક કરવા પર બાકી ) પાસેથી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂનું પ્લા.ચપલા(નાની બોટલ) મેળવી આરોપી નં.(૧) ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂનું પ્લા.ચપલા (નાની બોટલ) નંગ-૧ કી.રૂા.૧૦૦/- કુલ મુદામાલ રૂ.૧૦૦/- ના મુદામાલ સાથે રાખી મળી આવતા મજકુર બન્ને ઇસમોએ પ્રોહી.એકટ કલમ-૬૫(એ.એ), ૧૧૬(બી),૮૧, મુજબ ગુનો કરેલ હોય જેથી આપશ્રીએ મજકુર ઇસમ નં.(૧) ને કલાક ૧૯/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે તથા આરોપી નંબર (૨) (અટક કરવા પર બાકી) તો મજકુર બન્ને ઇસમો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે. હાલના બનાવની ફરીયાદ મે આપેલી મને ફરીયાદની નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક ૧૨** આપવામાં આવે છે. હું આરોપીઓને જોયેથી છું. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી."

ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં ફરીયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ સ્થળે માણસોની અવર-જવર હોય છે અને ઘણા મકાનો આવેલા છે. બનાવ સ્થળે ક્યારે અને ક્યા વાહનમાં ગયેલા તે જણાવેલ નથી.

૮. ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંક-૧૪ થી પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરનાઓને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, પોલીસે મને પો.સ્ટે.માં બોલાવેલ અને એક તૈયાર કાગળમાં સહી લિધેલી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. સહી શી બાબતની હતી તેની ખબર નથી. અટક પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નંબર-૦૧ તરીકેની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક-૧૫ થી રજુ

રાખવામાં આવેલ છે. પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૯. ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદપક્ષ દ્ધારા ફરીયાદી પો.સા. તથા પંચ સાહેદને તપાસવામાં આવેલા છે. પોલીસ સાહેદે ફરિયાદની હકિકતને અનુરૂપ પુરાવો આપવાનો પ્રયત્ન કરી જણાવેલ છે કે, બાતમી હકિકતના આધારે પંચો રૂબરૂ રેડ દરમ્યાન આરોપીના કબ્જામાંથી દેશી દારૂ મળી આવેલ તેમાંથી જરૂરી સેમ્પલ લઈ સીલ કરેલ અને વિગતવારનું પંચનામુ સ્થળ ઉપર જ પંચોની હાજરીમાં કરેલ હોવાનું જણાવે છે પરંતુ આ કામે ફરીયાદપક્ષ દ્ધારા આંક–૧૪ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચરનાઓનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓ પંચનામાની હકિકત બાબતે કાંઈ જાણતા ન હોવાની હકિકત પુરવાર થાય છે તેમજ તેઓની હાજરીમાં કોઈ ઈસમ પાસેથી દારૂ મળી આવેલ હોય અને તે બાબતેનું કોઈ પંચનામુ કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. પંચ સાહેદે પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, પંચ સાહેદના પુરાવાથી આંક–૧૫ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામાની હકિકતો જ પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં સ્વતંત્ર પંચ સાહેદની હાજરીમાં આંક–૧૫ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી.

આમ, પંચ સાહેદની હાજરીમાં આંક–૧૫ વાળુ સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના અતિ મહત્વના સાહેદો એવા પંચ સાહેદો પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેવા સંજોગોમાં પોલીસ સાહેદે જણાવેલ હકિકતમાં શંકા ઉત્પન્ન થાય છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવામાં શંકા ઉત્પન્ન થતી હોય ત્યારે તે સાબીતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. તેવા સંજોગોમાં પંચ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં, પોલીસ સાહેદના જણાવ્યા મુજબ મળી આવેલ દારૂમાંથી જરૂરી સેમ્પલ લીધેલ પરંતુ તે સેમ્પલ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલી આપેલ હોય અને તેનું પુથ્થકરણ થયેલ હોવા બાબતેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આમ, સમગ્ર હકિકત ધ્યાને લેતા તેમજ પંચ સાહેદના પુરાવાથી સ્થાનિક જગ્યાનું પંચનામું તેમજ મુદ્દામાલ સર્ચ, સીલ, સિઝર મેમાની હકિકતો પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાથી ફરીયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ ન હોય, આ કામના આરોપીઓને સદર ગુનામાં કસુરવાર ઠરાવી શકાય નહી. જેથી, ઊપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

# -: હુ ક મ :-

**૧.** આ કામનાં આરોપીઓ પરબતભાઈ વજુભાઈ ડગરા અને મિતુલભાઈ શીવાભાઈ મોરવાડીયાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ૨૭૧(૧) અન્વયે ધી પ્રોહિબીશન અધિનિયમની કલમ-૬૫(એએ) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારે કરી આપેલ જામીનખત રદ્દ કરવામાં આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ૪૮૧ અન્વયે જાત-મુચરકા અને જામીનખત ચાલુ રાખવામાં આવે છે.

**3.** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખ : ૨૦મી, માહે : જુન, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**મુકામઃજસદણ.**
**તા.૨૦/૦૬/૨૦૨૬**

**(દેવાંગ ચંદ્રવદન રાવલ)**
**એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**જસદણ.જજ કોડ નંબર જીજે.૦૧૨૦૯**

V. D. THAKER
GUJ. STENOGRAPHER